| Innovation ID | DTP0010000002844 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title:** ડાંગર(Oryza sativa) અને નાગલી(Eleusine coracana)ના પાકમાં ગાભામારની તથા ચૂસિયા જીવાતનું નિયંત્રણ

**Category:** પાક સંરક્ષણ

**Notebook Number:** lok(૫)૬, Nov-Dec-૨૦૦૦, Pg No. ૪

**Brief:** ડાંગર(Oryza sativa) અને નાગલી(Eleusine coracana)ના પાકમાં ગાભામારની તથા ચૂસિયા જેવી જીવાતોના નિયંત્રણ માટે એકવીસ વનસ્પતિના અર્ક દ્વારા પ્રાકૃતિક જંતુનાશક દવા નો ઉપયોગ

**Detail:** ડાંગ જિલ્લામાં મોટાભાગના ખેડૂતો બિન રાસાયણિક ખેતી કરે છે. દેશી જાતો વાવે છે. સેન્દ્રિય ખાતરો વાપરે છે. ઝરણાં-નદિઓનું પાણી સીંચે છે. રોગ-જીવાતનો પ્રકોપ થાય ત્યારે વિવિધ વનસ્પતિજન્ય ઔષધોનો છંટકાવ કરે છે.
આહવા તાલુકાના ધૂમખલ ગામે શ્રી શુકરીયાભાઈ ભોય ડાંગર(Oryza sativa) અને નાગલી(Eleusine coracana)માં જીવાત નિયંત્રણની સુંદર પદ્ધતિ લખી મોકલાવી છે. ખેડૂતના જણાવ્યા મુજબ, જીવાત નિયંત્રણ માટે કાંટા વિનાની એકવીસ પ્રકારની વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવે છે. (૧) આવળ (Cassia auriculata) (૨) ભૂતચા બોલ (૩) મરખી (૪) કડમ (૫) કુંબોઈ (૬) સાગ (Tectona grandis) (૭)ભૂતઝાડ (૮) આરોડ (૯) મોખા (Cassine glauca) (૧૦) સીદ (૧૧) બાહવા (Cassia fistula) (૧૨) ઊંમર (Ficus recemosa) (૧૩)સાદડ (Terminalia arjuna) (૧૪) નરખી (૧૫) કરવડ (Carissa conjesta) (૧૬) ધામણ (Grewia tiliaefolia) (૧૭) બહેડા (Terminalia bellirica) (૧૮) કડવો સરગવો (Moringa concanensis) (૧૯) ટેટું (Oroxylum indicum) (૨૦) બીલવા (Aegle marmelos) (૨૧) જાંબુ (Syzygium cumini) ઉપરોક્ત તમામ વનસ્પતિના થડની છાલ લીલી અથવા સૂકી લઈ વાટવામાં આવે છે. તેમાં છ લિટર પાણી ઉમેરી છથી આઠ કલાક પલાળી રાખવામાં આવે છે ત્યારબાદ છાલ નીચોવીને કપડા વડે દ્રાવણને ગાળી લેવામાં આવે છે. ખેડૂતના જણાવ્યા મુજબ, ૧૫ લિટરના પંપમાં ૧૫૦ ગ્રામ જેટલું દ્રાવણ લઈ છંટકાવ કરવાથી જીવાતનું નિયંત્રણ થાય છે. ખેડૂતના મતે, આ પદ્ધતિનો એક જ વખત ઉપયોગ કરવાથી ગાભમારાની ઈયળ, મોલો, ચૂસિયા જીવાત વગેરેનું નિયંત્રણ થાય છે. આ પદ્ધતિ પરંપરાગત રીતે વડીલો પાસેથી વારસામાં મળે છે.
શુકરીયાભાઈ પાસે ચાર હેકટર ફળદ્રુપ જમીન છે. જેમાં નાગલી, મગફળી, ડાંગર, સોયાબીન, જેવા પાક ઉગાડે છે.

**Method of Use:**

**Caution:**

**Benefit:**

**Condition:**

**Material Used:**

**IPR Status:**

**Keywords:** ચુસીયા જીવાત, ડાંગર, આવળ, ભૂતચા બોલ, મરખી, કડમ, કુંબોઈ, સાગ, ભૂતઝાડ, આરોડ, મોખા, સીદ, બાહવા, ઊંમર, સાદડ, નરખી, કરવડ, ધામણ, બહેડા, કડવો સરગવો, ટેટું, બીલવા, જાંબુ, ડાંગ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૯૩ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | પ્રવિણ | Middle Name | એચ | Last Name | રોહિત |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો-ખોરવાડ | Taluka | ઉમરેઠ | | |
| District | Anand | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૭૧ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | શુકરીયાભાઈ | Middle Name | મંગાભાઈ | Last Name | ભોયે |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ધુમકળ, પો. ગલકુંડ | Taluka | આહવા | | |
| District | Dangs | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002845 | Sr No : 2 |
|---|---|---|

Innovation Title: પાકમાં મોલોમશીના નિયંત્રણ માટે

Category: પાક સંરક્ષણ

Notebook Number: lok(૫)૬, Nov-Dec-૨૦૦૦, Pg No. ૫

Brief: પાકમાં મોલોમશીના નિયંત્રણ માટે મહુડા(Madhuca indica)ના ફૂલ, પાણીનો ઉપયોગ

Detail: મોલોમશી ખાસ કરીને ડિસેમ્બર તથા જાન્યુઆરી મહિનામાં ખેતરમાં જોવા મળે છે. પાકમાં પાનની નીચેની બાજુએ પોતાની સુંઢ ખોસીને તે જ સ્થળે ચોંટી રહી રસ ચૂસે છે. પરંતુ મોસમના અંત ભાગમાં અથવા પરિપકવ થવા આવે ત્યારે તે પાંખવાળી મોલો દેખાય છે. મોલોમશીના નિયંત્રણ માટે આહવા તાલુકાના ધવલી દોડ ગામના જાનુભાઈ ઠાકોર મહુડા(Madhuca indica)ના ફૂલને કહોવડાવી તે દ્રાવણનો ઉપયોગ કરે છે.
ખેડૂતના જણાવ્યા મુજબ, મહુડાના બે કિલો ફૂલને ૧૦ લિટર પાણીમાં બોળીને બે દિવસ કહોવડાવવામાં આવે છે. આ દ્રાવણને ત્યારબાદ કપડા વડે ગાળીને આ દ્રાવણનો પંપ ભરીને પાક ઉપર છંટકાવ કરવાથી મોલોનું નિયંત્રણ થાય છે. ખેડૂત વધુમાં જણાવે છે. કે, મહુડાં પાકે ત્યારે તેને સૂકવીને સંગ્રહ કરવામાં આવે છે. જ્યારે મોલોનો ઉપદ્રવ જણાય ત્યારે આ ઉપચાર કરવાથી ફાયદો થાય છે.
આ પદ્ધતિ વર્ષોથી પરંપરાગત રીતે જ ચાલી આવે છે. આ વિસ્તારના ઘણા બધા ખેડૂતો આ પદ્ધતિ અજમાવી પાકનું રક્ષણ કરે છે.

Method of Use

Caution

Benefit

Condition

Material Used: મહુડા(Madhuca indica)ના ફૂલ, પાણી

IPR Status

Keywords: મહુડો, Madhuca indica, ફૂલ, પાણી, પાક, મોલોમશી, કપડું, ડાંગ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૯ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | શંભુભાઈ | Middle Name | ડી. | Last Name | રંગપરા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો. માઢીયા | Taluka | મહુવા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૭૨ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | જાનાભાઈ | Middle Name | | Last Name | ઠાકરે |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ધવલીદોડ | Taluka | આહવા | | |
| District | Dangs | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | |
|---|---|
| Innovation ID | **DTP0010000002847** Sr No : 3 |
| Innovation Title | રીંગણ (<i>Solanum melongena</i>)માં ઝડપી ઉત્પાદન |
| Category | પાક ઉત્પાદન |
| Notebook Number | Lok(૫)૬, Dec.-૨૦૦૦, Pg.N ૦.-૬ |
| Brief | રીંગણ (<i>Solanum melongena</i>)માં ઝડપી ઉત્પાદન માટે ફેરરોપણી કરવી |
| Detail | રીંગણ (<i>Solanum melongena</i>)નો ઉતાર પૂરો થયા પછી ખેડૂતો છોડ ખોદી નાખતા હોય છે. પરંતુ ડાંગ જિલ્લાના ગાંવદડા ગામના ઝૂંલિયાભાઈ આવા છોડનું પુનઃ વાવેતર કરી ઉત્પાદન મેળવે છે. ખેડૂતના જણાવ્યા મુજબ, અમારા ઘરની આસપાસ દેશી રીંગણાના છોડ વાવેલા હતા. તેમાંથી એક વખત ઉત્પાદન મળ્યું. ત્યારબાદ આ છોડને મેં છાંટણી કરી મૂળ સહિત ઉપાડી લીધા. આ મૂળ માત્ર એક દોઢ વેંત જેટલા રાખી કાપી નાખ્યા ત્યારબાદ આ છોડને અન્ય સ્થળે ફેરરોપણી કરી. આ છોડવાઓને તુરંત નવી ફૂટ આવી. ૨૫ થી ૩૦ દિવસમાં નવા ફૂલ આવ્યાં અને રીંગણાં બેઠાં. લગભગ વીસ ગુંઠા જમીનમાં આ પ્રયોગ કરેલો તે જોઈ બીજા ખેડૂતો પણ આ પદ્ધતિ હવે અપનાવતા થયા છે.<br><br>(નોંધઃ- આ પદ્ધતિનું પી.આઈ.સી ઓક્ટોમ્બર ૨૦૦૪માં પ્રવિણ વણકરે કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે.)<br><br>(નોંધઃ- આ પદ્ધતિનું રીચેક - તા. ૧૬-૯-૨૦૦૭માં નરેન્દ્રભાઈ. એ. રાઠવાએ કરેલ છે.)<br>આ પદ્ધતિ પરંપરાગત છે.<br>આ પદ્ધતિમાં કોઈ ફેરફાર કરેલ નથી<br>આ પદ્ધતિ ખેડૂતે એક જ વર્ષ કર્યો હતો આજથી પાંચ વર્ષ પહેલાં ત્યાર બાદ પ્રયોગ કરેલ નથી.<br><br>આ પદ્ધતિનો વિચાર વડવાઓ પાસેથી જાણીને મેળવેલ છે.<br><br>અન્ય જાણકારઃ<br>જસવંતભાઈ મગનભાઈ સાવકર<br>મનુભાઈ મગનભાઈ સાવકર<br>મનુભાઈ ટી ઠાળકર<br>જયેશભાઈ ગંગાજી ઠાળકર |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | |
| IPR Status | |
| Keywords | વધુ, ઉત્પાદન, રીંગણ, <i>Solanum melongena</i>, ફેરરોપણી, દેશી, ફુલ, ડાંગ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૪૯ | Member Type | Verifier | | |
| First Name | પ્રવિણકુમાર | Middle Name | નાથાભાઈ | Last Name | વણકર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ધામણિયા | Taluka | લુણાવાડા | | |
| District | Panchmahals | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Scout | | |
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૬૫૧ | Member Type | Innovator | | |
| First Name | ઝૂલિયાભાઈ | Middle Name | લાસીયાભાઈ | Last Name | ઠાળકર |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | પી. પી નંબર - ૦૨૬૩૧-૨૯૦૬૭૧ (સંજયભાઈ સુબીરભાઈનો ફોન છે.) | | | | |
| Village | મુ. ગાંવદહાડ, પો સિંગાણ | Taluka | આહવા | | |
| District | Dangs | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતા ઝુલીયાબાઈ લાસીયાભાઈ ઠાળકર છે. તેમની ઉંમર ૭૭ વર્ષ છે. તેઓ અભણ છે. પત્ની રેશમીબેન ઝૂલીયાબાઈ ઠાળકર છે. તેમની ઉંમર ૭૦ વર્ષની છે.  તેઓ અભણ છે. તેમના સંતાનો ૧ રામાભાઈ જુલીબાઈ છે. તેઓ પણ અભણ છે. હાલમાં તેઓ ખેતી કરે છે. ખેડૂત પોતે વદ્ધશ્રમ ભોગવે છે. સાંભળાનું ઓછું થઈ ગયેલ છે. જમીન ૭ એક છે. બિન પિયત જમીન છે. જમીન વરસાદ ઉપર આધારિત છે. પાકમાં નાગલી, ડાંગર, અડદ, તુવર, ખરસાણી થાય છે. પશુઓમાં બળદ-૪ અને ગાય ૨ છે. ખેડૂત ગરીબ છે. માંડ ખાવા પૂરતું જ અનાજ થાય છે. મકાન કાચું છે. વાસનું બનાવેલ છે. માત્ર ખેતી પર જ આધાર રાખવો પડે છે અન્ય કોઈ આવક નથી.

-ગામનો પરિચય:-
ગાવદહાડ ગામ આહવા તાલુકામાં આવેલું છે. આ ગામ ડાંગ જિલ્લામાં અંતરિયાળ વિસ્તારમાં આવેલ છે. આ ગામની વસ્તી ૧૮૦૦ વ્યક્તિની છે. ગામમાં નદી છે. ગામમાં જમીન કાળી, પથ્થરાળ છે. ગૃપ ગ્રામ પંચાયત છે. ગામમાં દૂધની ડેરી છે. ગામમાં પાણીની વ્યવસ્થા છે. આ ગામમાં ૧થી ૪ દોરણની શિક્ષણની વ્યવસ્થા છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ દ ણું બધું ઓછું છે. ૧૦૦ વ્યક્તિએ ૧૦ વ્યક્તિ ભણેલ છે. આ ગામમાં સાવકર જાતિના ૬૦ ઘર છે. ઠાળકર ૧૦ ઘર છે. ગાઠવી ૫ ઘર છે. ભોય ૨૦ ઘર છે. આ ગામ પચાત ગામ છે. ગામમાં ટ્રેક્ટર ૧ છે. લોકો ખેતીમાં જ તથા પશુપાલનમાં રસ ધરાવે છે. ગામમાં શિક્ષકો તથા અન્ય ધંધામાં પણ સારી આવક મેળવે છે. ગામમાં દૂધ ડેરી આવેલ છે. ગામનો મુખ્ય પાક નાગલી છે. ગામથી તાલુકાનું અને જિલ્લાનું અંતર ૪૫ કિ.મી છે. આ ગામમાં બસ વ્યવહાર બિલકુલ નથી તેથી ખાનગી વાહન દ્વારા આ ગામમાં મુસાફરી કરી શકાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ | Member Type | Verifier | | |
| First Name | નરેન્દ્રભાઈ | Middle Name | અર્જેસિંહ | Last Name | (રાઠવા) ચૌહાણ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. લીમડીયા, પો. કંજેટા | Taluka | ધાનપુર | | |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |